## ચરર... ચરર.. મારું ચકડોળ ચાલે... આજે રોકડા ને ઉધાર કાલે....








# નવરાત્રીનું ઉપાસના પુણ્ય શહીદોને અર્પણ

### વાવોલની દ્વારકેશ રેસિડેન્સીનું પ્રેરણાત્મક પગલું : દરરોજ આરતી બાદ સંકલ્પ સાથે 'ભારત માતાકી જય' અને 'શહીદો અમર રહો'ના સૂત્રોચ્ચાર કરાય છે

ઘેર બેઠાં વ્હોટસએપ અને ફેસબુક જેવા સોશ્યલ મિડીયા પર ઉરીના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા અસંખ્ય મેસેજીસ નેટીજન્સે ફરતા કર્યા હતા તેમજ નવરાત્રીની ઉજવણીમાં વરસાદી વિઘ્નને પણ આ નેટીઝન્સે માતાજીની શહીદો પ્રત્યેની વેદનામાં ખપાવી દીધુ છે. જો કે ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રેસિડેન્સીના રહીશોએ સમગ્ર નવરાત્રીનું તપોફળ શહીદોને અર્પણ કરવા સાથે દરરોજ રાત્રે આરતી બાદ તે અંગે સંકલ્પ વ્યક્ત કરતા ભારતમાતા અને શહીદોના જયજય કાર બોલાવાય છે. નવરાત્રીની ઉજવણીમાં દેશભક્તિનો રંગ ઉમેરી આ સોસાયટીના રહીશોએ નવી પેઢીને ઉત્તમ સંસ્કાર આપતું પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

વાવોલની દ્વારકેશ રેસિડેન્સીમાં દરેક તહેવાર ખૂબ જ અલગ રીતે ઉજવવામાં આવે છે. જેમાં કોઈને કોઈ સામાજિક સંદેશ સમાવી લેવાયો હોય છે. આ વર્ષે ભારતના કાશ્મીરમાં ઉરી આર્મી બેઝ કેમ્પ ખાતે થયેલા ત્રાસવાદી હૂમલામાં દેશના ૧૮ જવાનો શહીદ થવાની ઘટનાએ સમગ્ર રાષ્ટ્રને હચમચાવી મુક્યું છે. આ હૂમલાના ટુંકાગાળામાં દેશમાં નવરાત્રીનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. કોઈપણ




ઘટનાના તુરંત પ્રતિભાવો આપવામાં માહેર સોશ્યલ મિડીયા પર શહીદોને નવરાત્રી દરમ્યાન શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની અપીલ તો બહુ કરાઈ પરંતુ ખૂબ ઓછી સંખ્યામાં નવરાત્રી આયોજકોએ તેનો અમલ કર્યો છે. વાવોલની દ્વારકેશ રેસિડેન્સી દ્વારા બા-કાયદા સોસાયટીના પ્રવેશ દ્વારે મોટુ બેનર લગાડી નવરાત્રી ઉપાસનાનું ફળ શહીદોને અર્પણ કરવામાં આવ્યું છે. એટલુ નહી પરંતુ સોસાયટીમાં દરરોજ નવરાત્રી ઉત્સવના પ્રારંભે આરતી બાદ તુરંત જ રહીશો દ્વારા આ સંકલ્પ વ્યક્ત કરાય છે. તેમજ તે સમયે દેશભક્તિ અંગેના સૂત્રોચ્ચારો પણ કરવામાં આવે છે. આ પગલાને કારણે સોસાયટીના બાળકોમાં દેશભક્તિના ગુણો ખીલી રહ્યા છે. નવરાત્રીની ઝાકમઝોળમાં પણ શહીદોને રોજે રોજ શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના આ પ્રયાસને ચોમેરથી પ્રોત્સાહક આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | નંદીશ રાવલ | દિવ્યમ શાહ | ધીયાની જોષી | નવ્યા શાહ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | પ્રિયાંશ ચાવડા | શિવ પટેલ | ખુશી રાવલ | અનેરી પટેલ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | યોગેશ થારાની | આકાશ ખત્રી | ચાહના દવે | ધ્વનિ ભાવસાર |
| બેસ્ટ ડ્રેસ | મિલન પટેલ | કરણજીત પટેલ | ચિનાર વંકાણી | દેવાંશી પટેલ |
| બેસ્ટ કિંગ અને ક્વીન અલ્પા પટેલ | ડૉ. નિલેશ સાવલીયા | | દેવાંશુ પંડિત | હેતલ વોરા |
| બેસ્ટ પેર | રવિરાજ દેસાઈ | મનોજ સોલંકી | ચેતના ચાવડા | દર્શના રાઠોડ |
| બેસ્ટ પરફોર્મર્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | દિવ્યેશ મકવાણા | ભાવેશ આગજા | અનુજા પુરોહિત | જુહી પટેલ |



યુવાનો માટે નવરાત્રી એટલે શકિત સાથે અથાગ કૌશલ્ય પ્રદર્શનનો અવસર, ગરબાના તાલે શહેરનું યૌવન ધન મન મુકીને ઝુમે છે અને તે માટે સતત તત્પર રહે છે. યુવાનોની ગરબા પ્રત્યેની આ પ્રતિબધ્ધતા જોઈ અનેક કોલેજમાં પણ હવે ગરબા મહોત્સવના આયોજનો કરવામાં આવે છે. સોમવારે સાંજે સે-૨ ૩ના કડી કેમ્પસની અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ ગરબા કાર્યક્રમમાં બેસ્ટ પેર, બેસ્ટ ગરબા જેવી વિવિધ કેટેગરી માટે ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આ ગરબા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મન મુકીને ગરબા રમ્યા હતાં.



**'કોર્પોરેટર પણ ગરબે ઘુમ્યા'**

કોઈ મા અંબાની ભકિતથી ગરબે ઘુમે છે તો કોઈ પ્રિયજનની સાથે આનંદોત્સવ મનાવવા ગરબા રમે છે. શહેરમાં ચોતરફ છવાયેલ નવરાત્રી માહોલમાં સામાન્ય વ્યકિતઓથી માંડીને અનેક અગ્રણીઓ પણ પોતાની જાતને ગરબાથી અળગી નથી કરી શકતા. શહેરના સૌથી જુના શેરી ગરબામાં આગવું સ્થાન ધરાવતા સે-૧૨ના ગરબામાં વોર્ડ નં. ૧ના નગરસેવક હર્ષાબા ધાંધલ નિયમિતપણે ગરબા રમતા નજરે ચઢે છે.

# હાથતાળીના તાલે ગવાતા પ્રાચીન ગરબા શહેરમાં હજુ જીવંત

### લાઈટીંગ કે સાઉન્ડ સીસ્ટમ વગર ગરબા ગવાય છે : મહિલાઓ વારા ફરતી માટીનો ગરબો માથે લઈને ગરબે ઘુમે છે

ગાંધીનગર, તા.૧૦ ગાંધીનગરના સેક્ટર-૭માં ગોપી ભજન મંડળની મહિલાઓ દ્વારા કરવામાં આવતી પરંપરાગત ગરબી આજે પણ પૌરાણિક નવરાત્રીની યાદ અપાવ છે. કોઈ પણ પ્રકારની લાઈટીંગની ઝાકમઝોળ, મોટા અવાજની સાઉન્ડ સીસ્ટમ્સ કે અન્ય કોઈ ઉપકરણો વગર માત્ર મોઢે ગવાતા ગરબા થકી મહિલાઓ દ્વારા કરાતા આ ગરબામાં આદ્યશકિતના મહિમા વર્ણવતા પ્રાચીન ગરબા ઘણાને અચંબિત કરે છે.



પ્રાચીન સમયમાં ગરબામાં સંગીત કરતા પણ વધુ મહત્વ શબ્દોનું રહેતું હતું. આ ગરબા માઈક-સ્પીકર વગર જ ગવાતા અને એક વ્યકિત ગવડાવે બાકીના ઝીલે તે રીતે ગવાતા હતા. સેક્ટર-૭માં પોલીસ સ્ટેશન પાછળના વિસ્તારમાં વર્ષોથી ગોપી ભજન મંડળીની મહિલાઓ દ્વારા આ પ્રકારના ગરબા કરવામાં આવે છે. આ ગરબામાં લાઈટીંગના ઝાકમઝોળને બદલે માત્ર દીવાઓનું અજવાળુ હોય છે. વળી, ગરબા ગ્રાઉન્ડના મધ્યમાં માટીના હાથે બનાવેલા ગબ્બર પર માટીના ગરબામાં જયોતિ સ્વરૂપે માતાજી પ્રસ્થાપિત કરાય છે અને તેની ફરતે મહિલાઓ ગરબા રમે છે. હાથ તાળીની રીધમ સાથે મોઢે ગવાતા પ્રાચીન અને અલભ્ય ગરબા સાથે દરેક મહિલા વારાફરતી પોતાને માથે ગરબો લઈ ઘુમે છે. આ સમયે પુરુષો એક તરફ બેસી ગરબા નિહાળે છે. દરેક મહિલા વારાફરતી ગરબો ગવડાવે છે જેને બાકીના ઝીલે છે અને હાથતાળી સાથે પરંપરાગત સ્ટેપ્સમાં આ ગરબા રમાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં જયોતિ મહિલા મંડળ દ્વારા આયોજિત કરાતી ગરબા સ્પર્ધામાં ગોપી ભજન મંડળની બહેનો અચૂક ઈનામ મેળવે છે.



## વિજયા દશમીના પાવન પર્વે રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ વિજયા દશમીના પાવન અવસરે ગુજરાતના સૌ નાગરિકોને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે વિજયા દશમી પર્વ પરમ શ્રદ્ધાભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આ પર્વ અન્યાય પર ન્યાય, અસત્ય પર સત્ય તથા આસુરી શક્તિઓ પર દૈવી શક્તિઓના વિજયનું પ્રતીક છે. આ પાવન પર્વ સમાજમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર સદ્‌ભાવને વધુ દૃઢ બનાવશે.

## રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા યોજાશે

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૧૬-૧૭ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા આગામી તા. ૧૩ ઓક્ટોબરને ગુરૂવારના રોજ સવારના ૮.૩૦ કલાકે ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામભારતી અમરાપુર, માણસા ખાતે યોજાશે. આ સ્પર્ધાનો મુખ્ય વિષય ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ નવીનીકરણ રહેશે. જ્યારે પેટા વિષયમાં કુદરતી સ્રોતોનું વ્યવસ્થાપન, ખેતી અને ખોરાક, ઉર્જા, સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને પોષણ, આજીવિકા અને જીવનશૈલી આપત્તિ વ્યવસ્થાપન, પરંપરાગત જ્ઞાન અને રીવાજો અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાથ વગી બને તેવા વિશેષ હેતુ સહિતના વિષયો ઉપર વિદ્યાર્થીઓ પોતાના સંશોધનાત્મક પ્રોજેક્ટ રજૂ કરશે. આ પ્રોજેક્ટના તારણો ૮ મિનિટમાં ચાર્ટ પેપર અથવા પી.પી.ટી. દ્વારા રજૂ કરવામાં આવશે.



ગાંધીનગરમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી અંતર્ગત સેક્ટરોમાં ગરબાની રમઝટ જામી છે. સેક્ટર-૪ના શેરી ગરબામાં પણ ખેલૈયાઓ મન મુકી ગરબે ઘુમ્યા હતા. આ દરમિયાન ઓમકારેશ્વર મહાદેવ મંદિર સ્થિત ગરબા મેદાનમાં ઉરી અને બારામુલ્લામાં શહીદ થયેલા જવાનોને ખેલૈયાઓએ હજારો મીણબત્તી પ્રગટાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.